# એમ. આર. દેસાઇ આર્ટસ એંડ ઇ. ઇ. લહેર કોસડિયાં કોમર્સ કૉલેજ ચીખલી

~ ચેતનભાઈ ડી પટેલ(ઇતિહાસ વિભાગ)

# ઇતિહાસકાર
# (લિયો પોલ્ડ રાન્કે)

- લિયો પોલ્ડ વોન રાન્કે જર્મનીનો સૌથી મહાન ઈતિહાસકાર હતો.
- તેણે વૈજ્ઞાનિકનઢબની ઐતિહાસિક પદ્ધતિની શરૂઆત કરી.
- તેણે શિષ્યોની તથા ટીકાકારોની એક હારમાળા ઊભી કરી તથા ઈતિહાસકારોની આખી એક પેઢીને પ્રેરણા આપી.
- સંશોધન અને સત્યને તેણે હંમેશાં ઈતિહાસના આદર્શ માન્યા અને તેનો બરાબર અમલ કર્યો.

# શિક્ષણ અને અભ્યાસ :

- રાન્કનો જન્મ જર્મનીમાં એક મધ્યમ કુટુંબમાં થયો હતો. તેના પિતા વકીલ હતા.
- જન્મ અને સંસ્કારે તે પ્યુરીટન હતી. તેથી તેને આધુનિક બાબતોમાં રસ ન હતો.
- તે સ્વભાવે ગંભીર અને અભ્યાસનિષ્ઠ હતો. લિપઝીંગ વિદ્યાપીઠમાં તેણે શિક્ષણ લીધું હતું.
- ભાષા અને તત્ત્વજ્ઞાન તેના મુખ્ય વિષયો હતા.

- તત્ત્વજ્ઞાનમાં તેણે બાઈબલના અધ્યયનને પોતાનું મુખ્ય અભ્યાસક્ષેત્ર બનાવ્યું હતું.
- રાન્કને ઈતિહાસ પ્રત્યે રુચિ ન હતી છતાંયે તેને અધ્યયન અને સંશોધનમાં ખાસ રસ હતો.
- સત્યની શોધને તે જીવનનું મુખ્ય ધ્યેય ગણતો. ભૂતકાળના બનાવોનું યથાર્થ રીતે અધ્યયન કરવાથી પોતાની જ્ઞાનની તૃષા અને સત્યની શોધ સંતોષાશે એવી શ્રદ્ધાથી તે ભૂતકાળના અભ્યાસ તરફ વળ્યો.

- ડૉક્ટરેટની પદવી મેળવ્યા બાદ તે ફ્રૅન્કફર્ડના જીગ્નેશિયમમાં ગ્રીક અને લૅટિન ભાષાના અધ્યાપક તરીકે નિમાયો.
- આ સંસ્થામાં તેણે હોમર, હોરેસ, વર્જલ વગેરે લેખકોની કૃતિઓનો અભ્યાસ કર્યો. આમાંથી તેને ભૂતકાળ પ્રત્યે વિશેષ રસ જાગ્યો.
- પરિણામે તેણે હેરોડોટસ, થુસિડાઇડસ, લીવિ, ટેસીટસ તથા સીસેરોની કૃતિઓ વાંચી.
- તેમને લગતી આધુનિક રચનાઓ પણ વાંચી. તેમાં નિષ્ણુનાં લખાણો તેને સંતોષકારક લાગ્યાં.

- રાન્કેએ તેમના પર વિશેષ સંશોધન કરીને ઐતિહાસિક કૃતિઓ લખી.
- તેમાં તેણે દંતકથાઓને બદલે વાસ્તવિક હકીકતો અને મૂળ સાધનોનો જ આધાર લીધો.

# ઈતિહાસકાર તરીકે રાન્વેની કારકિર્દી :

- ઈતિહાસકાર તરીકે રાન્કે કોઈ પણ બાબતનું મૂળ શોધવાના મતનો હતો.
- 29 વર્ષની યુવાન વયે રાન્કેએ “જર્મન અને રોમન લોકોનો ઈતિહાસ પ્રસિદ્ધ કર્યો.
- તેમાં તેણે જર્મની અને ઈટાલીનો ઈ.સ. ૧૪૯૪ થી ૧૫૩૫ સુધીના મૂળ દસ્તાવેજો અને સાધનોનો ઉપયોગ કરીને વૈજ્ઞાનિક ઢબે અહેવાલ આપ્યો.

- આ ગ્રંથ દ્વારા રાજ્યેએ એ સત્ય સિધ્ધ કર્યું કે ઈતિહાસ એ મહાન વ્યક્તિઓની વિશિષ્ટ પ્રવૃત્તિઓ અને સંસ્કૃતિના ઉદગમ અને વિકાસનો અહેવાલ છે.
- સત્યકથન અને વાસ્તવિકતાનાં ખાસ લક્ષણો ધરાવતા આ ગ્રંથે રાન્કેને ઈતિહાસકાર તરીકે મશહૂર બનાવ્યો.
- આથી બર્લિન વિદ્યાપીઠે તેને ઈતિહાસના પ્રાધ્યાપક તરીકે નીમ્યો.
- પરિસંવાદો દ્વારા તેણે ઈતિહાસકારોની આખી એક પેઢી ઊભી કરી.
- આ પરિસંવાદોમાં રાજ્યેએ યુરોપના મધ્યયુગના ઈતિહાસ અને ખાસ કરીને ૧૫, ૧૬ તથા ૧૭મી સદીના ઈતિહાસને મહત્ત્વ આપ્યું.

- રાન્કેએ વિશેષ જ્ઞાન મેળવવા માટે યુરોપના જુદા જુદા દેશોનો ચાર વર્ષ સુધી પ્રવાસ કર્યો.
- આ દરમ્યાન વિયેનાનાં પુસ્તકાલયોમાંથી તેને ઘણી નવી સામગ્રી મળી.
- આને આધારે તેણે ઈગ્ન. ૧૮૨૯માં ‘સર્બિયાની ક્રાંતિનો ઈતિહાસ' લખ્યો.
- આ પુસ્તકમાં તેણે સર્વિયાની રાજકીય, આર્થિક તથા સાંસ્કૃતિક સ્થિતિનું યથાર્થ વર્ણન કર્યું છે.

- મેટરનિકના આપ્રમુખ શાસનની ટીકા કરતાં, રાન્કેને વિયેનાથી ચાલ્યા જવું પડયું.
- રોમ, ફ્લોરેન્સ વગેરેનાં ગ્રંથાલયોમાંથી પણ રાન્કેની કીમતી સાધનસામગ્રી મળી.
- આ દરમિયોનું બર્લિન વિદ્યાપીઠમાં તેની ઈતિકાસના પ્રાધ્યાપક તરીકે નિમણૂક થી વિશેષ વાચનું અને સંશોધનની તક મળતાં રામે નોંધપાત્ર કૃતિઓનું સર્જન કર્યું.
- તેણે પોપ, જર્મની, કશિયા, ઇંગ્લેન્ડ, ફ્રાન્સ વગેરેના ઈતિહાસ ઉપરાંત નામાંકિત રાજપુરમાં અને મુખ્ય લકરી નેતામોનાં વૃત્તાંતો લખ્યાં.
- તેમાં પોપ, જર્મની, ફ્રાન્સ અને વિશ્વને લગતી ઈતિહાસના તેના ગ્રંથો સૌથી વધુ પ્રખ્યાત છે.

- રાન્કેએ પોતાના પદનો અહેવાલ આપતા ત્રણ ગ્રંથો લખ્યા. ઈતિહાસકારો આ ગ્રંથન રાન્કેની  શ્રેષ્ઠ કૃતિ ગણો છે.

- યુરોપના ૧૫ થી ૧૮મી સદી સુધીના સામાજિક તથા ધાર્મિક ઈતિહાસ જાણવા માટે આ ગ્રંથો કીમતી સંદર્ભગ્રંથો ગણાય છે.

- વાસ્તવિકતા, ચોકસાઈ તથા તટસ્થતા તેનાં ગ્રંથનાં મુખ્ય લક્ષણો છે.

- "ધર્મસુધારણા યુગનો જર્મનીનો ઈતિહાસ" રાકેની બીજી નોંધપાત્ર કૃતિ છે.

- આ ગ્રંથના છ વિભાગોમાં રાખ્યું એ ઈ.સ. ૧૪૧૪ થી ૧૬૧૩ સુધીનો જર્મનીનો બે સૈકાનો ધર્મ-સુધારણાનો ઈતિહાસ આપ્યો છે.

- આ ગ્રંથ તૈયાર કરવામાં તેણે રોમ, પ્રશિયા, વેનિસ, વિયેના વગેરેના પુરાતત્વખાતાંઓનો ઉપયોગ કર્યો છે.
- આ ગ્રંથ જર્મનીમાં ખૂબ લોકપ્રિય બન્યો હતો.
- રાન્કેએ “પ્રશિયાનો ઇતિહાસ” નવ વિભાગોમાં પ્રસિદ્ધ કર્યા.
- આ ગ્રંથમાં જર્મનીની એકતા સંબંધી કોઇ નિર્દેશ નથી.
- પ્રધિન શાસકોનું વાસ્તવિક અને ચોકસાઈભર્યું ચિત્ર આપવામાં આવેલું છે.

- રાન્કેએ પેરિસની ફરી મુલાકાત લીધી, ત્યાંના સંગ્રહાલયો તથા પુરાતત્વખાતામાંથી ફ્રાન્સ વિશે તેને પુષ્કળ નવી સામગ્રી મળી.
- તેના આધારે ઈ.સ. ૧૮૫૩માં તેણે “ફ્રાન્સનો ઈતિહાસ” પ્રસિધ્ધ કર્યો.
- જેમાં તેણે ફ્રાન્સનો ૧૬મી સદીથી માંડીને લુઈ ૧૪મોના સમય સુધીનો ઈતિહાસ આલેખ્યો છે.
- ઇંગ્લેન્ડની રાજપધ્ધતિના અનુરાગે, રાજેને ‘ઇગ્લેન્ડનો ઈતિહાસ' લખવા પ્રેર્યો.
- આ માટે તેણે લંડન તથા ડબ્લીનનાં સંગ્રહાલયો અને પુસ્તકાલયોના દસ્તાવેજોનો અભ્યાસ કર્યો.

- ઇંગ્લેન્ડની પરાજયનીતિની માહિતી મેળવવા તેણે પેરિસ અને હેગનાં દફતરખાતાં તથા પુરાતત્વખાતાંઓના દસ્તાવેજો પણ તપાસ્યા.
- ``ઇંગ્લેન્ડના ઈતિહાસ"માં રાન્કેએ ઈતિહાસની પૂર્વભૂમિકા સાથે ટયુડર સમયથી છેક જયોર્જ ત્રીજાના રાજ્યાભિષે ક સુધીનો અહેવાલ આપેલો છે.
- જીવનભર અભ્યાસ કરેલા દસ્તાવેજો અને ગ્રંથોની સ્મૃતિને ખાધારે ૮૫ વર્ષની વૃધ્દ વયે “રાવિશ્વ ઈતિહાસ” પ્રસિધ્દ કર્યો.
- તેના છ ગ્રંથો પ્રકાશિત થયા.
- સામાની હસ્તપ્રતો છાપવા મોક્લાય તે પહેલાં ઈ.સ. ૧૮૮૬ માં ૯૧ વર્ષની વયે ઈતિહાસકાર રાન્કેનું અવસાન થયું.

## રાન્કેનું ઇતિહાસકાર તરીકે મૂલ્યાંકન - ઇતિહાસમાં સ્થાન :

- રાન્કેએ લગભગ સિત્તેર વર્ષ સુધી ઈતિહાસની એકધારી સેવા બજાવી તેણે જુદા જુદા દેશો અને જુદા જુદા સમયનો ઈતિહાસ આલેખ્યો.
- તેની આ સેવાઓને લક્ષમાં લઈ ‘અમેરિકન ઐતિહાસિક સંસ્થાએ’ તેને માનદ્સભ્યપદ આપીને બહુમાન કર્યું.
- રાન્કે ચુસ્ત કૅથલિક અને રૂઢિચુસ્ત હતો.
- છતાંયે ઉદારમતવાદીઓ અને ક્રાંતિકારીઓનાં સારાં તત્ત્વોનું યોગ્ય મૂલ્યાંકન કરીને ઈતિહાસકારની ન્યાયબુદ્ધિ જાળવી રાખી છે.

- રાજ્યેએ પોતાનાં લખાણોમાં અસલ અને સમકાલીન સાધનોનો જ ઉપયોગ કર્યો તથા વ્યક્તિઓ અને બનાવોનું વૈજ્ઞાનિક ઢબે સંશોધન અને વિવરણ કર્યું.

- આમ, રાજ્યેએ સૌ પ્રથમ વૈજ્ઞાનિક ઢબની ઐતિહાસિક પદ્ધતિની શરૂઆત કરી.
- રાન્‌keએ શિષ્યોની તથા ટીકાકારોની એક હારમાળા ઊભી કરી.

- ટ્રીટસ્કેના અભિપ્રાય પ્રમાણે, "રાન્કેએ ઉપલાવર્ગ અને રાજ્ય કુટુંબનો ઇતિહાસ લખ્યો અને સામાન્ય માનવીની ઉપેક્ષા કરી.

- આધુનિક ઇતિહાસકારોને તેણે જ વિશાળ દૃષ્ટિબિંદુ આપ્યું.

# આભાર